# એઆર રહેમાનની ડૉક્યુમેન્ટ્રીનું મેલબર્નમાં વર્લ્ડ પ્રીમિયર



ઑસ્કર અને ગ્રેમી એવોર્ડ વિજેતા સંગીતકાર એઆર રહેમાનના બેનર હેઠળ બનેલી અને રોહિત ગુપ્તા દિગ્દર્શિત ડોક્યુમેન્ટ્રી 'હેડહંટિંગ ટુ બીટબૉક્સિંગ'નું પહેલું લૂક જાહેર કર્યું હતું. આ બહુ પ્રતિક્ષિત ડોક્યુમેન્ટ્રીનું વર્લ્ડ પ્રીમિયર ઑસ્ટ્રેલિયામાં આયોજિત આઈએફએફએમ (ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલ ઑફ મેલબર્ન)માં થશે. આ ફિલ્મમાં નાગાલૅન્ડમાં સંગીતના અનોખા પ્રવાસની સાથે ત્યાંની સંસ્કૃતિ દર્શાવવામાં આવશે. ફિલ્મના નિર્માતા એ.આર. રહેમાને જણાવ્યું હતું કે, નાગાલૅન્ડની સુંદરતા અને સંસ્કૃતિની સાથે ત્યાંના સંગીતના અનોખા પ્રવાસ વિશે ફિલ્મમાં દર્શાવાયું છે. અમે ફિલ્મના પ્રીમિયર માટે ઉત્સુક છીએ.નોંધનીય છે કે નિર્માતા તરીકે એ.આર. રહેમાનની આ બીજી ફિલ્મ છે. તેમણે અગાઉ '૯૯ સૉંગ્સ'નું નિર્માણ કર્યું હતું. આ ફિલ્મનું પ્રીમિયર બુસાન ઈન્ટરનેશનલ ફિલ્મમાં થયું હતું.